# સોનગઢના જંગલમાં મહિલાની હત્યા

**પ્રેમી** મહેશને વહેમ હતો કે મનીષાને મારા સિવાય અન્ય કોઈ સાથે પણ અફેર છે

**કિલ્લા** નજીક મળવા બોલાવી પ્રેમિકા મનીષાને તેના જ દુપટ્ટાથી ગળું દબાવી રહેંસી નાંખી





સોનગઢઃ સોનગઢના કિલ્લા નજીક આવેલી ટેકરી પર અને ડમ્પિંગ સાઈડ પાસેના જંગલ વિસ્તારમાં ગતરોજ હત્યાની ઘટના પ્રકાશમાં આવી હતી. જે ભેદ ઉકેલવામાં તાપી પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે ગુનાની ગંભીરતાને જોઈને ગણતરીના કલાકોમાં જ ગળું દબાવીને નિર્મમ હત્યા કરનાર આરોપી પ્રેમીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, ગત ૯ જૂનના રોજ સોનગઢના કિલ્લા નજીક આવેલી ટેકરી પરથી મનીષાબેન ઉર્ફે ચકુબેન ધાનાણી નામની મહિલાની લાશ મળી આવી હતી. મહિલાની દુપટ્ટા વડે ગળું દબાવીને ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી હોવાનું સામે આવતાં જ સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ તાપી પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

પોલીસે શંકાસ્પદ એવા મહેશભાઈ દિલીપભાઈ ગામીતની અટકાયત કરી કડક પૂછપરછ હાથ ધરી હતી. પોલીસની આ પ્રાથમિક પૂછપરછમાં જ વહેમમાં અંધ બનેલા આરોપીએ પોતાનો ગુનો કબૂલી લીધો હતો. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ આરોપી મહેશ ગામીત અને મૃતક મનીષાબેન વચ્ચે પ્રેમસંબંધ હતો. જો કે, આરોપી મહેશને છેલ્લા કેટલાક સમયથી વહેમ હતો કે મનીષાબેન તેના સિવાય અન્ય કોઈ પુરુષ સાથે પણ સંબંધ ધરાવે છે. આ વહેમની આગમાં સળગતા મહેશે તેનો બદલો લેવા માટે એક ભયાનક પ્લાન બનાવ્યો હતો. તેણે મનીષાબેનને ફોન કરીને કિલ્લા નજીકની ટેકરી પર એકાંતવાળા સ્થળે બોલાવી હતી. જ્યાં બંને વચ્ચે બોલાચાલી થયા બાદ એકલતાનો લાભ ઉઠાવીને મહેશે મનીષાબેનના જ દુપટ્ટા વડે ગળે ટૂંપો આપી દઈ તેમની કરપીણ હત્યા કરી નાંખી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

તાપી પોલીસે ગણતરીના કલાકોમાં હત્યારા પ્રેમી મહેશ ગામીતને દબોચી લીધો હતો. હાલ આ ચકચારી મામલે તાપી પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.

# બારડોલી MN પાર્કમાં કરાયેલી કામગીરી સામે રહીશોનો મોરચો

**ખાડી** પૂરની ગંભીર સમસ્યા અંગે તપાસ સમિતિના અહેવાલ બાદ રહીશોમાં ચિંતા



## ધારાસભ્યની ગ્રાન્ટથી નવી પાઇપલાઇન, 30 ટકા સુધી પાણીનો પ્રવાહ ઘટશે

સ્થાનિકોની વર્ષો જૂની પીડાને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય ઈશ્વર પરમારે પોતાની ગ્રાન્ટમાંથી ધામડોદથી સીધી મીંઢોળા નદી સુધીની નવી પાઇપલાઇન નાંખવાનું કામ મંજૂર કરાવ્યું હતું, જે હવે પૂર્ણ થઈ ગયું છે. આ નવી વ્યવસ્થાને કારણે ધામડોદ અને ઉતારા જેવા ઉપરવાસના વિસ્તારોમાંથી આવતા વરસાદી પાણીનો આશરે ૩૦થી ૪૦ ટકા જેટલો પ્રવાહ સીધો નદીમાં વળી જશે. પરિણામે બારડોલી નગરના આંતરિક વિસ્તારોમાં પાણીનું જોર નોંધપાત્ર રીતે ઘટશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

બારડોલીઃ ગત વર્ષોમાં ચોમાસા દરમિયાન બારડોલીના ધામડોદ રોડ સહિત વિવિધ વિસ્તારોમાં સર્જાતી ખાડી પૂરની વિકટ પરિસ્થિતિને પગલે આ વર્ષે વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. સ્થાનિક ધારાસભ્યની ઉગ્ર રજૂઆત બાદ નાયબ કલેક્ટર દ્વારા ગઠિત કરાયેલી પાંચ સભ્યોની તપાસ સમિતિનો અહેવાલ જાહેર થતાં જ તંત્રએ સપાટો બોલાવ્યો છે. જો કે, તંત્ર દ્વારા લેવાયેલા કેટલાક તાત્કાલિક પગલાંને કારણે અસરગ્રસ્ત સોસાયટીઓના રહીશોમાં ચિંતા અને અજંપાભર્યો માહોલ પણ જોવા મળી રહ્યો છે.

તપાસ સમિતિના સત્તાવાર અહેવાલમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે વિતેલા વર્ષોમાં કુદરતી ખાડી પર થયેલા આડેધડ બાંધકામો અને ગેરકાયદે દબાણો જ આ જળબંબાકારની સ્થિતિ માટે મુખ્યત્વે જવાબદાર છે. આ ઉપરાંત એક મહત્ત્વનું ભૌગોલિક કારણ એ પણ સામે આવ્યું છે કે ધામડોદથી શરૂ થતી ખાડીના સ્તર કરતાં બારડોલીની સોસાયટીઓનું લેવલ આશરે ૭ ફૂટ નીચું છે.

આ આઠેક ફૂટના તફાવતને કારણે વરસાદી પાણી ખૂબ જ તીવ્ર વેગ સાથે રહેણાંક વિસ્તારોમાં ધસી આવે છે, જેના લીધે ધામડોદ રોડ, શિવશક્તિ સોસાયટી, ડી.એમ. નગર, એમ.એન. પાર્ક અને ભરવાડ વસાહતમાં છેલ્લાં પાંચથી વધુ વર્ષોથી સ્થાનિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

વરસાદી પાણીના નિકાલને સરળ બનાવવા અને પાણીનું પ્રવાહ દબાણ ઘટાડવા માટે સરકારી તંત્રએ એમ. એન. પાર્ક વસાહતની કમ્પાઉન્ડ વોલમાં બાકોરા પાડવાની કામગીરી કરી હતી. તંત્રના આ પગલાથી નારાજ થઈને એમ.એન.પાર્કના રહીશોએ બારડોલી નગરપાલિકા અને ત્યારબાદ નાયબ કલેક્ટર જીગ્ના પરમાર સમક્ષ સામૂહિક રજૂઆત કરી હતી. રહીશોનો ભય છે કે આ બાકોરાના કારણે અન્ય સોસાયટીઓનું ગંદું અને વરસાદી પાણી તેમની વસાહતમાં ભરાઈ જશે.

આ રજૂઆતના જવાબમાં નાયબ કલેક્ટરે હૈયાધારણ આપતા જણાવ્યું હતું કે ડ્રેનેજ વિભાગ અને પાલિકાની ટીમ દ્વારા સરવેની કામગીરી પૂર્ણતાના આરે છે. દબાણો સદંતર દૂર કરી આ સમસ્યાનો કાયમી ઉકેલ લવાશે.

# સંક્ષિપ્ત સમાચાર

## કડોદ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ



કડોદઃ સમસ્ત કડોદ વૈષ્ણવ વણિક સમાજ દ્વારા બાળકૃષ્ણ વૈષ્ણવ મંદિર, કડોદ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ રસપાન તથા શ્રી મહાપ્રભુજીની ૮૪ બેઠક તથા પુષ્ટિ માર્ગનાં પાંચ તત્ત્વોના મનોરથનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વ્યાસપીઠ પર મુંબઈ નિવાસી શાસ્ત્રી શ્રી ધનંજય વ્યાસ બિરાજ્યા છે. આ પ્રસંગે સુરત મોટા મંદિરના ગાદીપતિ ષષ્ઠપીઠાધીશ્વર પૂ. પા. ગો. ૧૦૮ ગોપેશરાયજી મહારાજ, વલ્લભકુલભુષણ પૂ. પા. ગો. ૧૦૮ શ્રી મુકુન્દરાયજી મહારાજ, વત્સલરાયજી મહોદય, પિતામ્બરરાયજી મહોદય ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય મનોરથી ગો. વા. તારામણીબેન કાંતિલાલ લોખંડવાળા તથા ગો. વા. કાંતિલાલ ચુનીલાલ લોખંડવાળા પરિવાર તથા પુષ્ટિ માર્ગના પાંચ તત્ત્વના મનોરથી ગો. વા. રૂક્ષ્મણીબેન નગીનદાસ શાહ પરિવાર છે. કિરણભાઈ લોખંડવાળાના નિવાસ સ્થાનથી નીકળેલી પોથીયાત્રામા મોટી સંખ્યામાં વૈષ્ણવો જોડાયા હતા. સમગ્ર ભાગવત કથાના આયોજનમાં ભરતભાઇ શાહ, કિરણભાઈ લોખંડવાળા, કમલેશભાઈ શાહ, ઘનશ્યામભાઈ ગાંધી, દિપન ગાંધી તથા હેતલ પરીખ સિંહપ્રદાન કરી રહ્યા છે.

## હરિપુરા અને બાબેન ખાતે વિકાસ પથ યાત્રા યોજાઈ



કેતન પટેલ

કડોદઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યભરમાં વિવિધ જનજાગૃતિ અને લોકભાગીદારીના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. દેશના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવા જઈ રહ્યા છે, ત્યારે આ ગૌરવપૂર્ણ અવસરની ઉજવણીના ભાગરૂપે ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારની અધ્યક્ષતામાં હરિપુરા અને બાબેન ખાતે વિકાસ પથ યાત્રા યોજાઈ હતી. આ યાત્રામાં હરિપુરા ખાતે ઉપસ્થિત મહાનુભાવોએ સ્વાતંત્ર્ય સેનાની અને રાષ્ટ્રનાયક નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના દેશપ્રેમ, શૌર્ય અને બલિદાનને વંદન કર્યા હતા.

## બારડોલીના સરદાર પટેલ સ્ટેડિયમમાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



પલસાણાઃ અગ્રવાલ સમાજ-કડોદરા, સુરત દ્વારા પ્રથમ વખત એક ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. બારડોલીના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં સમગ્ર સમાજની કુલ આઠ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં સમાજના આશરે 500 થી 600 જેટલા લોકોએ હાજર રહીને અદભુત એકતાના દર્શન કરાવ્યાં હતાં. ટુર્નામેન્ટની ફાઇનલ મેચ ખૂબ જ રોમાંચક રહી હતી, જેમાં ફાઈનલ ટક્કર બાદ ક્રિશિવ લાયન્સ ટીમ ચેમ્પિયન બની ટ્રોફી પોતાના નામે કરી હતી. આ વિજેતા ટીમના ઓનર પૂર્વ કોર્પોરેટર રાજુભાઇ અગ્રવાલ અને કેપ્ટન કેતનભાઈ અગ્રવાલ (પલસાણા) હતા. જ્યારે આ સ્પર્ધામાં મા પાર્વતિ ઇલેવન રનર્સઅપ (દ્વિતીય ક્રમે) રહી હતી, જેના ઓનર શ્રીભગવાન સિંગલ અને કેપ્ટન પાર્થ અગ્રવાલ હતા. આ સફળ આયોજન પ્રસંગે સમાજના યુવા પ્રમુખ કેતનભાઈ અગ્રવાલ, ઉપપ્રમુખ દીપકભાઈ અગ્રવાલ (સાયણ) તેમજ અગ્રણીઓ દેવેન્દ્રભાઈ અગ્રવાલ, કૈલાસ અગ્રવાલ, રાજુભાઈ કોર્પોરેટર, વિષ્ણુ અગ્રવાલ (સાયણ) અને લાલુ અગ્રવાલ (ચલથાણ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, જી માઉન્ટ લિટેરા સ્કૂલના ચેરમેન રાજિવસિંગ પણ અતિથિ વિશેષ તરીકે હાજર રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# કીમ બજારમાં આખલાઓનું યુદ્ધ, લોકોમાં ભયનો માહોલ

કીમઃ કીમ ગામના મુખ્ય બજાર વિસ્તારમાં ફરી એકવાર આખલાઓ વચ્ચે જોરદાર યુદ્ધ સર્જાતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. બજારમાં અચાનક બે આખલાઓ સામસામે આવી જતાં તેઓ વચ્ચે ઉગ્ર લડાઈ શરૂ થઈ હતી. આખલાઓની લડાઈને કારણે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓમાં દોડધામ મચી ગઈ હતી. વેપારીઓએ પણ



કિરણ ઢોડિયા

સાવચેતીના ભાગરૂપે પોતાની દુકાનો આગળથી લોકોને દૂર રહેવા અપીલ કરી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ગંભીર ઈજા થઈ હોવાનું સામે આવ્યું નથી.

# મુળદ પાટિયા પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માત, ચારનો બચાવ



કિરણ ઢોડિયા

કીમઃ ઓલપાડના મુળદ ગામના પાટિયા પાસે બુધવારે ટ્રક અને નેનો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં નેનો કારને દરવાજાની સાઈડ પર થોડું નુકસાન પહોંચ્યું હતું. જો કે, કારમાં સવાર ચારેય વ્યક્તિનો ચમત્કારિક રીતે આબાદ બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ ઉત્રાણથી કીમ ખાતે સંબંધીને મળવા માટે એક પરિવાર નેનો કારમાં આવી રહ્યો હતો. દરમિયાન તારીખ 10 જૂનના રોજ સવારે આશરે 11:30 વાગ્યાના સમયે મુળદ ગામના પાટિયા નજીક અકસ્માત સર્જાયો હતો. ઓલપાડ રોડ તરફથી આવી રહેલા ટ્રક અને મુળદ ગામ તરફથી આવી રહેલી નેનો કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે નેનો કાર રોડની બાજુએ આવેલા ડિવાઈડર પર ચડી ગઈ હતી. અકસ્માતને પગલે આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને મદદરૂપ બન્યા હતા. સદનસીબે કારમાં સવાર ચારેય વ્યક્તિને કોઈ ગંભીર ઈજા પહોંચી ન હતી અને તમામનો આબાદ બચાવ થયો હતો.

# માંડવીના લુહારવડમાં છાણ નાંખવા બાબતે મહિલા પર પંપથી હુમલો

**બચાવવા** પડેલા પુત્રને પણ માર માર્યો, બંને સારવાર હેઠળ

માંડવીઃ માંડવીના લુહારવડ ગામના કોટણ ફળિયામાં છાણ નાંખવાની સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં પાડોશી મહિલાએ એક ૫૨ વર્ષીય આધેડ મહિલાના માથામાં સાઈકલમાં હવા પૂરવાનો લોખંડનો પંપ મારી દીધો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર લુહારવડ ગામના કોટણ ફળિયામાં રહેતાં ૫૨ વર્ષીય રમકાબેન નરેશભાઈ ચૌધરી ગત તા.૯ જૂનના રોજ વહેલી સવારે પોતાના ઘરના વાડામાં ખાખરાના પાન ભેગા કરી રહ્યાં હતાં. તે સમયે પાડોશમાં રહેતી જંજાબેન ખુશાલભાઈ ચૌધરી ત્યાં ખાણમાં છાણ નાંખવા આવી હતી. રમકાબેને તેને અહીં છાણ નાંખવા બાબતે પૂછતાં જંજાબેન એકદમ ઉશ્કેરાઈ ગઈ હતી અને ગુસ્સામાં બાજુમાં પડેલો સાઈકલનો પંપ રમકાબેનના માથામાં ઝીંકી દીધો હતો.

લોખંડનો પંપ વાગવાથી રમકાબેન લોહીલુહાણ થઈ જમીન પર ઢળી પડ્યાં હતાં. માતાની બૂમાબૂમ સાંભળીને તેમનો ૨૫ વર્ષીય પુત્ર અક્ષય વહારે દોડી આવ્યો હતો. પોતાની માતાને લોહીલુહાણ હાલતમાં જોઈ જ્યારે તે તેમને ઊંચકવા ગયો, ત્યારે હુમલાખોર જંજાબેને અક્ષય સાથે પણ ઝપાઝપી કરી હતી.

એટલું જ નહીં, અગાઉ તા. ૭ જૂનના રોજ થયેલા ઝઘડાની અદાવત રાખીને જંજાબેને તે દિવસે તને ઓછો માર મારેલ છે તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી ભાગી છૂટી હતી.

ઘટનાને પગલે ફળિયાના લોકો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

ઈજાગ્રસ્ત માતા અને પુત્રને સારવાર અર્થે માંડવી સરકારી દવાખાને ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં ગંભીર રીતે ઘવાયેલા રમકાબેનને માથાના ભાગે ત્રણ ટાંકા આવ્યા હતા. આ સમગ્ર મામલે ભોગ બનનાર રમકાબેનની ફરિયાદના આધારે માંડવી પોલીસે હુમલાખોર પાડોશી મહિલા જંજાબેન ચૌધરી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ અ.હે.કો. એસ.એલ. ચૌધરી કરી રહ્યા છે.

# એરથાણ ગામમાં સ્ટીલના પાઈપની ચોરી

પલસાણાઃ પલસાણાના એરથાણમાં આવેલા ૬૬ કે.વી. ગેટકો સબ સ્ટેશનની બાજુમાં આવેલા ખુલ્લા પ્લોટ (સરવે નં.૧૪૪)માંથી અજાણ્યા ચોર ઉદ્દમાંથી ૨૨ પાઈપ અંદાજે ૪૦ લાખ રૂપિયાની કિંમતના માઈલ્ડ સ્ટીલના પાઈપ ચોરી કરી ફરાર થઈ ગયા છે. આ અંગે પી.દાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ કંપનીના પ્રોજેક્ટ મેનેજર સચિનભાઈ પ્રવીણભાઈ ભાલાળાએ પલસાણા પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે.

# નવી પારડી પાસે નાસ્તાની દુકાનમાં કામ કરતા યુવાનનું મોત

કામરેજઃ નવી પારડી ગામની હદમાં રાજ હોટલની બાજુમાં નાસ્તાની દુકાનમાં કારીગર તરીકે નોકરી કરતો કૈલાસ શિધર ગોરે (ઉં.વ.41) (મૂળ રહે.,લોહરિસવંગ, જિ.નાગપુર, મહારાષ્ટ્ર) બે મહિનાથી નોકરી કરીને રહેતો હતો. મંગળવારે સવારે 4 કલાકે દુકાનના માલિકે કૈલાસ ગોરેને દુકાન ખોલીને ઉઠાડતાં તબિયત સારી નથી તેમ કહીને ઊંઘી ગયો હતો.

બપોરે 1 કલાકે જમવા માટે ઉઠાડતાં તબિયત સારી નથી તેમ કહીને ઊંઘી ગયો હતો. બાદ સાંજે 4 કલાકે ફરી ઉઠાડતાં ન ઊઠતાં શરીર ઠંડું પડી ગયું હોવાથી 108ને બોલાવતાં તપાસ કરતાં મોત નીપજ્યું હતું. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નંદુરબારમાં ACBનો સપાટોઃ બે સરકારી કર્મી લાંચ લેતાં ઝડપાયાં

**બે ઘટનામાં** પંચાયત સહાયક અને મહિલા વનરક્ષક ભેરવાયાં

સોનગઢઃ નંદુરબાર જિલ્લાના લાંચ રૂશ્વત વિરોધી વિભાગે ભ્રષ્ટાચારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરી છે. એસીબીની ટીમે સળંગ બે દિવસમાં બે અલગ-અલગ ગામોમાં સફળ છટકા ગોઠવીને ધડગાંવ પંચાયત સમિતિના જુનિયર આસિસ્ટન્ટ અને શાહાદાની એક મહિલા વનરક્ષકને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડી જેલભેગા કર્યાં છે.

પ્રથમ કિસ્સામાં ફરિયાદીના અશિક્ષિત કાકાના નામે વર્ષ-૨૦૨૫માં મનરેગા યોજના અંતર્ગત વ્યક્તિગત સિંચાઈ કૂવાના બાંધકામ માટે કુલ ૪,૧૧,૬૬૧નું અનુદાન મંજૂર થયું હતું. જેમાંથી ૧,૬૨,૬૦૪ની રકમ ધડગાંવ પંચાયત સમિતિ કાર્યાલયમાં પેન્ડિંગ હતી. આ પ્રસ્તાવ પર વિસ્તાર અધિકારીની સહી કરાવી આપવાના બદલામાં જુનિયર આસિસ્ટન્ટ ખાજલ્યા સિંગા પાડવી (ઉં.વ.૪૫) એ ૫૦૦ની લાંચ માંગી હતી. ફરિયાદીએ આ અંગે એસીબીમાં ફરિયાદ કરતા, ૮ જૂન ૨૦૨૬ના રોજ કાર્યાલયમાં જ છટકું ગોઠવી આરોપીને ૫૦૦ની લાંચ લેતા ઝડપી લેવાયો હતો. ધડગાંવ પોલીસ મથકે તેની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

બીજી ઘટનામાં ફરિયાદી પોતાના ખેતરમાંથી કાપેલાં ગાંડા બાવળનાં લાકડાં ટેમ્પો દ્વારા વેચાણ અર્થે ગુજરાત લઈ જતા હતા. આ દરમિયાન કોંઢાવળ બીટના મહિલા વનરક્ષક તેજસ્વિની કાળુ સાળુંખે (ઉં.વ.૩૪)એ આ વાહન પર કાર્યવાહી ન કરવા અને ગાડી પસાર થવા દેવાના બદલામાં ૧૭,૦૦૦ની લાંચ માંગી હતી. ફરિયાદીની અરજીના આધારે એસીબીની ટીમે ૯ જૂન-૨૦૨૬ના રોજ શાહાદા-શિરપુર રોડ પર ફેસ ફાટા પાસે જાળ બિછાવી મહિલા વનરક્ષકને ૧૭,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ દબોચી લીધી હતી. આ અંગે સારંગખેડા પોલીસ મથકે ગુનો દાખલ કરાયો છે.



# નિઝરના સુલવાડા-વ્યાવલમાં ગેરકાયદે રેતીખનન ઝડપાયું

**રૂ.2.50** કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો

કુકરમુંડાઃ તાપી જિલ્લામાં ગેરકાયદે ખનન પ્રવૃત્તિઓ સામે ભૂસ્તરશાસ્ત્રી કચેરી દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ભૂસ્તરશાસ્ત્રી કચેરી તાપીના ફિલ્ડ સ્ટાફ તથા ફ્લાઈંગ સ્ક્વોડ સુરતની ટીમે તા.10/6/2026ના રોજ નિઝરના સુલવાડા-વ્યાવલ નદી પટ્ટ વિસ્તારમાં ચેકિંગ દરમિયાન ગેરકાયદે રેતીખનન અને વહન કરતાં વાહનો તથા સાધનો ઝડપી પાડ્યાં હતાં. મળતી માહિતી મુજબ તપાસ દરમિયાન કુલ 9 ડમ્પર, 1 યાંત્રિક નાવડી, 1 મશીન અને 1 ટ્રેક્ટર દ્વારા રોયલ્ટી પાસ વગર સાદી રેતી ખનીજનું બિનઅધિકૃત ખનન અને વહન કરવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું. કાર્યવાહી દરમિયાન કુલ 8 ડમ્પર ખાલી હાલતમાં સ્થળ પરથી જ પકડી લેવામાં આવ્યાં હતાં. તંત્ર દ્વારા ઝડપી પાડવામાં આવેલાં વાહનો અને સાધનોને સીઝ કરી તેમની કસ્ટડી નિઝર તાલુકાના વાંકા ચેક પોસ્ટ ખાતે રાખવામાં આવી છે. જપ્ત કરાયેલા મુદ્દામાલની અંદાજિત કિંમત આશરે રૂ.2.50 કરોડ હોવાનું જણાવાયું છે. ભૂસ્તરશાસ્ત્રી કચેરીના જણાવ્યા અનુસાર ગેરકાયદે ખનન અને વહનમાં સંડોવાયેલા કસૂરવારને ખનીજ નિયમો મુજબ દંડકીય રકમની નોટિસ આપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# કાછલમાં દીપડો બચ્ચા સાથે શિકાર કરતો દેખાયો

અનાવલઃ મહુવા-અનાવલ રોડ પર આવેલા કાછલ કાછલ ગામ નજીક રોડની અડોઅડ આવેલા વિસ્તારમાં દીપડો પોતાના બચ્ચા સાથે કોઈ નાના પ્રાણીનો શિકાર કરતો જોવા મળ્યો હતો. આ દરમિયાન દીપડો બચ્ચાને શિકાર કરવાની તાલીમ આપતો



હોય તેવાં દૃશ્યો પણ જોવા મળ્યાં હતાં. માર્ગ પરથી પસાર થતા કેટલાક રાહદારીઓએ આ ઘટનાને પોતાના મોબાઈલમાં કેદ કરી લીધી હતી. ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં આસપાસના ગામોમાં પણ ફફડાટ ફેલાયો છે.

# પલસાણામાં બીમાર મળેલા યુવકનું મોત

પલસાણાઃ પલસાણાની ગ્લોરી ડાઈંગ મિલ પાસે ફૂટપાથ પરથી મૂળ યુપી અને પરવેશ પાર્ક ખાતે રહેતા ૩૨ વર્ષીય બિરેન્દ્રકુમાર લોધનો મૃતદેહ મળી આવ્યો છે. બીમાર હાલતમાં મળેલા યુવકને હોસ્પિટલ ખસેડાતાં તબીબોએ મૃત જાહેર કર્યો હતો.


Milano MULTIPLEX
બારડોલી
Peddi
11:00am 02:30pm, 06:00pm, 09:30pm
Hai Jawani Toh Ishq Hona Hai
10:00am, 01:00pm, 03:00pm, 04:00pm 07:00pm, 09:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333